# જોઇએ છે શિક્ષણ સહાયક

શ્રી નર્મદા ચેરીટેબલ ટ્રસ્ટ નવાવાઘપુરા તા. ગરૂડેશ્વર જી. નર્મદા સંચાલિત તેમજ તેમજ આ.વિ. વિભાગ ગુ.રા.ગાંધીનગરની માન્યતા પ્રાપ્ત અપગ્રેડ માધ્ય/ઉ.મા. આશ્રમશાળા ઉ.બુ. આશ્રમશાળા માટે શિક્ષણ સહાયકની જગ્યા ભરવા માટે મદદનીશ કમિશ્નરશ્રી (આ.વિ.) રાજપીપલા જી. નર્મદાના પત્રક્માંક : મક/આવિ/આશા/એન.ઓ.સી-રીવ્યુ/૨૦૨૪-૨૫/૫ તા. ૦૧-૦૧-૨૦૨૫ થી તથા પત્રક્માંક : મક /આવિ/ આશા/એન.ઓ.સી.-પુનઃ જાહેરાત/ધો-૯,૧૦/ એન.ઓ.સી/ધો ૯,૧૦/૨૪-૨૫/૨૧૨૯ થી ના વાંધા પ્રમાણપત્ર મળેલ છે. જે મુજબ જે તે જગ્યાની કેટેગરી મુજબના લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્મ | સંચાલક મંડળનું નામ | અપગ્રેડ આ.શા./ ઉ.બુ.નું નામ | ધોરણ | રોસ્ટર ક્મ | કેટેગરી | લાયકાત | વિષય | અરજી મોકલવાનું સરનામું |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | નર્મદા ચેરીટેબલ ટ્રસ્ટ, નવાવાઘપુરા તા. ગરૂડેશ્વર જી. નર્મદા | ઉ.બુ. આશ્રમશાળા નવાવાઘપુરા તા. ગરૂડેશ્વર જી. નર્મદા | ૧૧/ ૧૨ | ૦૪ | સા.શૈ. પછાત | એમ.એ બી.એડ | સમાજશાસ્ત્ર | ઉ.મા. વિભાગની ટાટ પરીક્ષા પાસ |
| ૨ | | | ૯/ ૧૦ | ૫ ઘટ | અનુ. જન.જાતિ | બી.એસસી બી.એડ | વિજ્ઞાન- ગણિત | માધ્યમિક વિભાગની ટાટ પરીક્ષા પાસ |

૧. ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારોએ શાળા છોડયાના પ્રમાણપત્રથી લઇને જરૂરી તમામ લાયકાતના પ્રમાણપત્રો જે-તે અનામત જગ્યા માટેના જાતિના પ્રમાણપત્ર, ઉન્નત વર્ગમાં સમાવેશ થયેલ નથી તે બાબતનું પ્રમાણપત્રની પ્રમાણિત નકલો સહીત સ્વ-હસ્તાક્ષરમાં (પાસપોર્ટ સાઇઝના ફોટા સાથે) રજીસ્ટર્ડ એડી દ્વારા જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૧૫માં જે તે જગ્યા માટેની અરજી નીચે જણાવેલ સરનામે મોકલવાની રહેશે. કઇ જગ્યા માટે અરજી કરો છો તે અરજીમાં / કવર પર સ્પષ્ટ લખવાનું રહશે.

૨. ઉપરોક્ત લાયકાત એ લઘુતમ લાયકાત છે. પરંતુ જો કોઇ ઉમેદવાર શૈક્ષણિક તેમજ વ્યવસાયી લાયકાતમાં વધારાની લાયકાત ધરાવતા હોય તો તેના ગુણપત્રો, પ્રમાણપત્રની નકલ અરજી સાથે સામેલ કરવાની રહેશે. ગુણપત્રકમાં C.G.P.A. તથા ગ્રેડ દર્શાવેલ હશે. તેઓએ કોલેજ અથવા યુનિવર્સિટીનું કુલ ગુણમાંથી મેળવેલ ગુણનું પ્રમાણપત્ર સામેલ કરવાનું રહેશે. ઉમેદવારોએ લાયકાતના તમામ વર્ષ/સેમીસ્ટરના ગુણપત્રકની નકલ મોકલવાની રહેશે. તમામ વર્ષ કે સેમીસ્ટરના ગુણપત્રકો કે અન્ય જરૂરી દસ્તાવેજો વગરની અધુરી વિગતની અરજીઓ તથા મુદત બહારની અરજી રદ થવાને પાત્ર રહેશે. આવી રદ થતી અરજીઓ માટે પાછળથી કોઇપણ હકક દાવો રહેશે નહીં.

૩.ઉમેદવારે પ્રાપ્ત કરેલા સ્નાતક, અનુ સ્નાતક તથા બી.એડ, એમ.એડ,ની લાયકાત (NCTE) તથા યુ.જી.સી. દ્વારા માન્ય કરેલ સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇશે. તથા એન.ઓ.સી. માં જણાવેલ અન્ય તમામ શરતો બંધનકર્તા રહેશે.

૪. રાજય સરકાર દ્વારા ધો-૯,૧૦ માટે માધ્યમિક વિભાગની ટાટ તથા ધો-૧૧, ૧૨ માટે ઉચ્ચ માધ્યમિક વિભાગની ટાટ, પરીક્ષા પાસ હોવી જોઇએ ટાટ પરીક્ષા તથા અન્ય શૈક્ષણિક લાયકાતના ગુણાંકન બાબતે આદિજાતી વિકાસ વિભાગ / શિક્ષણ વિભાગના ઠરાવો પરિપત્રો મુજબ રહેશે ભરતી અંગે નિયત થયેલ જીલ્લા શિક્ષણ સમીતીનો નિર્ણય આખરી રહેશે. સરકારશ્રીએ નકકી કર્યા મુજબ કોમ્પ્યુટર અંગેની જાણકારી હોવી જોઇએ.

૫. શિક્ષણ સહાયકને પ્રતિ માસે સરકારીના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા નકકી કર્યા મુજબ પાંચ વર્ષ સુધી ફિકસ પગાર ચુકવવામાં આવશે.

૬. અનુ. જન.જાતિ ની આશ્રમશાળાઓ હોય, સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગના ધારા ધોરણ મુજબ પસંદ થયેલા ઉમેદવારે આશ્રમશાળાના સ્થળે ૨૪ કલાક રહેવું ફરજીયાત છે. પસંદ થયેલા ઉમેદવારને ગુ.રા. ગાંધીનગરના તારીખ ૩૦-૧૧-૨૦૧૯ના પત્ર અન્વયે રહેઠાણ માટે સંસ્થા પાસે ઉપલબ્ધ સુવિધાઓ પૈકી વિના મુલ્યે રહેઠાણની સુવિધા આપવામાં આવશે.

૭. ઉમેદવાર ઇચ્છે તો અરજીની એક નકલ મે. આશ્રમશાળા અધિકારીશ્રીની કચેરી રાજપીપલા, એમ.વી. રોડ, જીલ્લા સેવા સદન રાજપીપલા જી.નર્મદા ખાતે મોકલી શકશે.

**પ્રમુખશ્રી / મંત્રીશ્રી/ આચાર્ય શ્રી**

**નર્મદા ચેરીટેબલ ટ્રસ્ટ નવાવાઘપુરા, તા. ગરૂડેશ્વર, જી. નર્મદા**